# કર્મોની ગુહ્ય ગતિને સમજીએ....

જ્ઞાનામૃત
બ્રહ્માકુમાર અનિલ



મનુષ્ય જન્મે છે ત્યારથી જ કર્મોનું બંધન જોડાયેલું હોય છે. મનુષ્યનો ધર્મ છે કર્તવ્યનું પાલન કરવું અને કર્તવ્યપાલન કરવા માટે આવશ્યક કર્મ કરવા પણ જરૂરી છે. ગીતામાં કહ્યું છે કે મનુષ્યનો ફક્ત કર્મ પર જ અધિકાર છે. તેના ફળ પર મનુષ્યનો કોઈ અધિકાર નથી માટે કર્મના ફળની આશા રાખ્યા વગર બુદ્ધિથી કર્મ કર, કર્મ ન કરવામાં પણ કોઈ આસક્તિ ન રહે.

જ્યારે મનુષ્ય ફળપ્રાપ્તિની ઈચ્છા કરે છે ત્યારે તેનું મન ફળ વિશે વિચારીને પોતાના કર્મથી વિચલિત થઈ જાય છે. તેથી તેને ફળ પ્રાપ્ત થતું નથી. જે મનુષ્ય સાધારણ ફળની ઈચ્છાથી કર્મમાં પ્રેરિત થાય છે તે સુખ-દુઃખના ચક્રમાં ફસાઈ જાય છે, તેના મનની શાંતિ નષ્ટ થઈ જાય છે. ફળપ્રાપ્તિની ઈચ્છાથી તેની નિદ્રા ઊડી જાય છે. જેમ કે દુર્યોધન, દુઃશાસન અને શકુનિએ ફળપ્રાપ્તિ માટે કેટલાં અધર્મ આચર્યા. મનુષ્ય જો નિષ્કામ ભાવનાથી કર્મ કરે તો તે કર્મ બંધનમાંથી મુકત રહે છે.

દરેક માનવીએ કર્મ તો કરવાનું જ છે પરંતુ એવું નથી કે દરેક કર્મ કરવાથી સફળતા જ પ્રાપ્ત થાય. કર્મોની ગુહ્ય ગતિનું જ્ઞાન દરેક મનુષ્યના જીવનમાં જરૂરી છે. નિષ્કામ ભાવથી કર્મ કરવાથી માનવી વિવેક બુદ્ધિવાળો, જ્ઞાનયુકત બુદ્ધિવાળો બનવાથી સ્વધર્મમાં સ્થિત થઈને કર્મ કરવાનું શીખે છે.

વર્તમાન સમયે મનુષ્ય ધર્મ ભ્રષ્ટ અને કર્મભ્રષ્ટ બનતો જાય છે કારણ કે મનુષ્ય માટે ધર્મ ગૌણ બની ગયો છે. દેહ અભિમાન વશ, વિવેકહીન બુદ્ધિથી આજનો મનુષ્ય કર્મ કરી રહ્યો છે. તેથી દુઃખ-અશાંતિ તેના ગળાનો હાર બની ગયાં છે, આ સંસારમાં બે વાતોની ગુહ્ય ગતિ માનવામાં આવે છે. એક સમયની ગુહ્ય ગતિ કે જેને કાળચક્રના જ્ઞાનથી સમજી શકાય છે અને બીજી છે કર્મોની ગુહ્ય ગતિ. આ બંને ગૃહ્યગતિઓનો પરસ્પર ગાઢ સંબંધ હોવાની સાથે સાથે આપણા જીવન અને પૂર્વ જન્મો સાથે પણે ખૂબ ગાઢ સંબંધ છે. આમ કર્મોની ગુહ્યગતિ સમજવાથી જીવનમાં પ્રસન્નતા આવે છે અને શુદ્ધ-સારાં કર્મો જ કરવાની ટેવ- આદત પડી જાય છે.

કર્મની ગુહ્યગતિમાં કર્મના સિધ્ધાંત અનુસાર જોઈએ તો સ્પષ્ટ થાય છે કે 'જે જેવું કરશે તે તેવું પામશે અને જે જેટલું કરશે તેટલું પામશે'. આ બાબતે એક ચિંતકે સાદી અને સરળ ભાષામાં સમજાવ્યું હતું કે જે મનુષ્ય 'મારું એ તો મારું જ પણ સામેવાળાનું-બીજાનું પણ મારું જ'. એવી વિચારસરણી રાખી કર્મ કરે છે એને 'દાનવ' મૂલ્ય સમજવો અને જે મનુષ્ય 'મારું એ જ મારું બીજાનું નહીં' એવા વિચાર ધરાવતો મનુષ્ય એને સાચા અર્થમાં 'માનવ' કહેવાય અને જે મનુષ્ય એવી સમજ ધરાવે કે 'મારું પણ કશું નથી અને બીજાનું પણ કશું નથી'. 'જે કંઈ પણ છે તે બધું ઈશ્વરનું જ છે'. એવા મનુષ્ય કર્મથી દેવ તુલ્ય કહેવાય છે. એટલે દાનવ બનવું કે માનવ બનવું કે પછી દેવાત્મા બનવું તે મનુષ્યના વિચાર-વાણી અને જીવનમાં સારાં- નરસાં કરેલાં કર્મોનો સરવાળો કે બાદબાકી બની રહે છે.

કર્મ, અકર્મ અને વિકર્મનું ગુહ્યજ્ઞાન નિરાકાર જ્ઞાનસાગર પરમાત્મા શિવ આપી રહયા છે કે દરેક કર્મ કરતી વખતે આત્મા, પરમાત્મા અને સૃષ્ટિચક્ર આ ત્રણ વાતોને જો બુદ્ધિમાં રાખીને કર્મ કરવામાં આવે એટલે કે હું આત્મા આ સૃષ્ટિરૂપી રંગમંચ પર એક પાર્ટધારી કલાકાર છું. આ શરીર દ્વારા મળેલ જુદાં-જુદાં પાર્ટને ફરજ સમજીને ઈશ્વરીય સ્મૃતિમાં રહીને જો કર્મ કરવામાં આવે તો એવા કર્મનું કોઈ વિકર્મ બનતું નથી. એવાં કર્મ સુકર્મ બનતા ભવિષ્ય માટે સંચિત કર્મ રૂપે જમા થાય છે એટલે સરળ ભાષામાં સમજાય છે કે પોતાને પાર્ટધારી કલાકાર સમજી પ્રત્યેક કર્મ સાક્ષી દ્રષ્ટા ભાવથી કર્મ કરીશું તો વિકારી કર્મબંધનથી જરૂર મુક્ત થઈ શકીશું. એટલે સમજી શકાય છે કે સંસારમાં જીવિત કોઈ પણ વ્યકિત કર્મથી પર રહી શકતો નથી. શારીરિક રૂપે કે માનસિક રૂપે કર્મ તો કરવું જ પડે છે. કર્મ એટલે જીવન અને કર્મ વિહીન જીવન એટલે મૃત્યુ. કર્મોની ગતિ અતિ ગહન છે અને તેને સમજવા માટે કર્મની પાસબુકમાં બેલેન્સ ચકાસવા માટે પણ કર્મની ગુહ્ય ગતિની ગહનતામાં જવું પડશે.

> **દાનવ બનવું કે માનવ બનવું કે પછી દેવાત્મા બનવું તે મનુષ્યના વિચાર-વાણી અને જીવનમાં સારાં- નરસાં કરેલાં કર્મોનો સરવાળો કે બાદબાકી બની રહે છે**

મિત્રો, ચાલો આપણે આપણી કર્મની પાસબુકનું બેલેન્સ દાનવ, માનવ કે દેવતુલ્ય આ ત્રણમાંથી કેવું છે તે આત્મચિંતન કરીને જાણીએ અને સ્નેહીજનોને સમજાવવા પ્રેરણાસ્ત્રોત બનીએ...ઓમ શાંતિ......

---

# સાચું પરિવર્તન

જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા
સાધુ જ્ઞાનાનંદદાસ

આપણે પરિવર્તનશીલ યુગમાં જીવી રહ્યા છીએ. ફૂલો ખીલે છે અને ખરી જાય છે. સૂર્ય-ચંદ્ર ઊગે છે અને આથમી જાય છે. કેલેન્ડરનાં પાનાં રોજ બદલાય છે. કુદરતનાં આ પરિવર્તનોની સામે મનુષ્યે પણ પરિવર્તનની એક શૃંખલા ખડકી છે. આજે માણસ અગાસી પર આંટો મારે એટલી સરળતાથી અવકાશમાં આંટો મારતો થઈ ગયો. ગેલેરીમાં બેઠો બેઠો જેટલી સરળતાથી પાડોશી સાથે વાત કરે તેટલી જ સરળતાથી 10,000 Km. દૂર રહેલી વ્યક્તિ સાથે વાત કરી શકે છે. ઘરના બેઝમેન્ટમાં જાય એટલી સરળતાથી દરિયાના પેટાળમાં જતો થઇ ગયો.

આ પરિવર્તનો પાછળનો મનુષ્યનો મુખ્ય હેતુ હતો - જીવનમાં સુખી થવું પરંતુ શું માણસ આજે ખરા અર્થમાં સુખી થયો છે? પરિવર્તનોએ દુનિયાને નાની બનાવી પરંતુ આપણા પ્રશ્નોને વિકરાળ બનાવી દીધા છે.

નોબલ પ્રાઈઝ વિજેતા કવિ ટી.એસ. ઇલિયટ કહે છે, 'Endless invention, endless experiment brings knowledge of motion but not of stillness.' અનંત શોધો અને અનંત પ્રયોગોએ માનવને ગતિનું જ્ઞાન આપ્યું છે પણ સ્થિરતાનું નહીં.

તો આવું શાથી બન્યું? ખાટલાના ચાર પાયામાંથી કયો પાયો ખૂટે છે? જવાબ છે - પરિવર્તનના સ્થાનની પસંદગીમાં આપણે માર ખાઈ ગયા.

રાફડા ઉપર લાકડી મારવાથી દરમાં રહેલા સાપને હણી શકાતો નથી તેમ બાહ્ય પરિવર્તનોથી ભીતરમાં રહેલી અશાંતિ હણી શકાતી નથી. અંદરની શાંતિ માટે અંદરથી પરિવર્તિત થવું પડશે. વિશ્વવિખ્યાત ચિંતક વિલિયમ જેમ્સ કહે છે: ''The Greatest invention of 20th century is that a man can change his life by changing the attitude of his mind.'' ''મનુષ્ય પોતાના મનના વલણથી પોતાના જીવનનુ વહેણ બદલી શકે છે.''

सोच को बदलो, सितारे बदल जायेंगे,
नजर को बदलो, नजारे बदल जायेंगे,
कश्तियाँ बदलने की जरुरत नहि,
दिशा को बदलो, किनारे बदल जायेंगे।

Altitude અને Attitudeને સીધો સંબંધ છે. ઊંચાઈ પ્રાપ્ત કરવા માટે મનના વલણની ખાસ જરૂર પડે છે. ૧૯૧૪ના ડિસેમ્બરમાં એક સાંજે ન્યૂજર્સીમાં આવેલી એક પ્રયોગશાળામાં આગ લાગી. ૨૦ લાખ ડોલરથી વધુનું નુકસાન થયું. વીમો ફક્ત ૨ લાખ ૩૮ હજાર ડોલરનો હતો! ૬૭ વર્ષની તે વ્યક્તિનું સઘળું તેની નજર સમક્ષ ભસ્મીભૂત થઈ ગયું. તેણે તેની પત્નીને બોલાવી કહ્યું, ''સારું થયું. આમાં મારી બધી ભૂલો બળી ગઈ. હવે હું નવેસરથી શરૂઆત કરીશ'' અને આવી વિકટ પરિસ્થિતિનાં ત્રણ અઠવાડિયાંમાં જ તેણે વિશ્વને સૌ પ્રથમ ફોનોગ્રાફની ભેટ આપી. તે વ્યક્તિ હતો - મહાન વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસન.



આમ, ખરાબ પરિસ્થિતિને પણ એક નવી આશાના પ્રભાતમાં પરિવર્તિત કરવાનું વલણ જ વ્યક્તિને એક નવી ઊંચાઈ આપે છે. બની ગયેલી ઘટના ફરી બદલી નહિ શકાય પરંતુ તે ઘટનાને જોવાનું વલણ બદલવાથી સદાય દુઃખમાં પણ હસતાં રહેવાય છે.

એક વખત યોગીજી મહારાજ ટ્રેનમાં અમદાવાદ જતા હતા. સંતો સૌ ભજન ગાતા હતા. ત્યાં કેટલાક યાત્રિક યુવકો પત્તા રમતા હતા. તેઓએ સંતોને કહ્યુ કે તમારું ગાવાનું બંધ કરો અમને તકલીફ પડે છે. સંતોએ ગાવાનું બંધ કર્યું. તે યુવકો પત્તા રમવામાં એટલા મશગુલ હતા કે તેઓનું પોતાને ઊતરવાનું સ્ટેશન ચૂકી ગયા. સંતોએ યોગીજી મહારાજને કહ્યું કે તેઓએ આપણને ભજન ગાવાનું બંધ કરાવ્યું એટલે આવું ભોગવવું પડ્યું. ત્યારે યોગીજી મહારાજ કહે, ''ગુરુ! એવું ન બોલાય. તેઓ જેમ પત્તા રમવામાં મશગુલ હતા તેમ આપણે ભજનમાં મશગુલ થવું!''

> **ખરાબ પરિસ્થિતિને પણ એક નવી આશાના પ્રભાતમાં પરિવર્તિત કરવાનું વલણ જ વ્યક્તિને એક નવી ઊંચાઈ આપે છે. બની ગયેલી ઘટના ફરી બદલી નહિ શકાય પરંતુ તે ઘટનાને જોવાનું વલણ બદલવાથી સદાય દુઃખમાં પણ હસતાં રહેવાય છે**

મનમાં કોઈ કડવાશ નહીં, કોઈ સંઘર્ષ નહીં. જે બને તેને સવળી રીતે જોવાનું એક વલણ, એક દૃષ્ટિકોણ જીવનમાં સદાય આનંદ આપે છે. વિશ્વવિખ્યાત પુસ્તક 'The 7 Habits of Highly Effective People'માં લેખક સ્ટીવન કોવીએ આ વાતને 'પેરેડાઇમ શિફ્ટ' દ્વારા રજૂ કરી છે. અડધા ભરેલા ગ્લાસને બે રીતે જોઈ શકાય છે. જે અડધો ખાલી જોશે તેને અધૂરપનો અહેસાસ થશે અને જે તેને અડધો ભરેલો જોશે તેને પ્રાપ્તિનો આનંદ થશે. ભગવાન સ્વામીનારાયણ કહે છે- "જેમ બાહેર ગૂમડું થયું હોય તેને ઔષધ ચોપડે ત્યારે જ કરાર થાય પણ કેવળ વાર્તા સાંભળ્યે કરાર થાય નહીં અને જેમ ક્ષુધા-પિપાસા લાગી હોય તે ખાધે-પીધે જ નિવૃત્તિ થાય પણ અન્ન-જળની વાત કર્યે નિવૃત્તિ ન થાય." આમ, પરિવર્તનની દિશા અંદરથી થવી જોઈએ, તો સુખી થવાની ચાવી એ આપણા હાથમાં જ છે. તમે કયા રસ્તે ચાલશો તે તમારા પર આધારિત છે. તો આવો, આપણાં વલણો, અભિગમોને બદલીએ અને એક નવી પ્રભાતમાં આનંદથી જીવીએ.